# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતે 11મી એશિયન એક્વેટિક્સ સ્પર્ધાનો પ્રારંભ કરાવતાં કહ્યું કે રાજ્યના રમતવીરોને શ્રેષ્ઠ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ.**
2. **રાજ્યના નાણા મંત્રી કનુ દેસાઇએ અસરગ્રસ્ત ચીખલી તાલુકાના ગામોની મુલાકાત લઇને જનજીવન ઝડપથી પુનઃસ્થાપિત કરવા અને નુકશાનીનો સર્વે કરવા તંત્રને તાકીદ કરી**
3. **રાજ્યના 232 તાલુકાઓમાં વરસાદ સૌથી વધુ સૂત્રાપાડામાં સાત ઇંચ જટેલો મુશળધાર વરસાદ**
4. **અમદાવાદમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ધાર્મિક સ્થળો સહિતના જાહેર માર્ગો ઉપર સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું**
5. **એશિયા કપ T-20 ક્રિકેટમાં પાકિસ્તાન સામે ભારતના થયેલા વિજયને રાજ્યભરના લોકોએ મોડી રાત સુધી વધાવીને જીતની ઉજવણી કરી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CM ASIAN AQUATIC

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે 11 મી એશિયન એક્વેટિક્સ ચેમ્પિયનશિપનો પ્રારંભ કરાવતાં કહ્યું કે , રાજ્યના રમતવીરોને શ્રેષ્ઠ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી પટેલે ઉમેર્યું હતું કે , છેલ્લા બે વર્ષમાં વિવિધ યોજનાઓમાંથી આંતરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગુજરાતના 73 ખેલાડીઓએ 38 ગોલ્ડ, 54 સિલ્વર અને 46 બ્રોન્ઝ મેડલ જીત્યા છે. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં બોલતા તેમણે ઉમર્યું કે છેલ્લાં 10 વર્ષમાં ભારતના સ્પોર્ટ્સ સેક્ટરનું પરિદૃશ્ય સંપૂર્ણપણે બદલાયું છે..

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

આ પ્રસંગે ઉપસ્થિત રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે ગુજરાત આજે સ્પોર્ટ્સ હબ બનવા તરફ આગળ ધપી રહ્યું છે..તેમણે 29 દેશોના ખેલાડીઓને આવકાર્યા હતા.

## બાઇટ- હર્ષ સંઘવી , રમતગમત રાજ્યમંત્રી

મુખ્યમંત્રીએ 200 મીટર ફ્રી સ્ટાઇલ સ્પર્ધાના વિજેતાઓને મુખ્યમંત્રીના હસ્તે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.આ ચેમ્પિયનશીપ 11 ઓક્ટોબર સુધી યોજાશે.

---

# KANU DESAI

નાણા-ઉર્જા મંત્રી તથા નવસારી જિલ્લા પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ ચીખલીના વાવાઝોડા વિસ્તારની સ્થળ મુલાકાત લીધી હતી. નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના વિવિધ વિસ્તારમાં વાવાઝોડાના કારણે અનેક ગામોમાં ઝાડ પડ્યા, ઘરો, ખેતી અને પશુઓને નુકસાન થતાં પરિસ્થિતિનો તાગ મેળવવા નાણા-ઉર્જા મંત્રી તથા નવસારી જિલ્લા પ્રભારી મંત્રીએ ચીખલીમાં વિવિધ વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ વર્તમાન સ્થિતિ બાબતે ઉચ્ચ અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા કરી હતી.

ચીખલી વિસ્તારના તલાવચોરા અને ચીખલીના સરકારી અનાજના ગોડાઉનની પણ મુલાકાત લીધી હતી.મંત્રીએ વિવિધ વિભાગોની કામગીરી વિશે વિસ્તૃત માહિતી મેળવી અસરગ્રસ્ત વિસ્તારોમાં જનજીવન ઝડપથી પુનઃસ્થાપિત કરવા, નુકશાની અંગે ચોક્કસાઈ પૂર્વક સર્વે કરવા જરૂરી સૂચનો કર્યા હતા.

---

# CHIKHALI SERVAY

નવસારી જિલ્લાના ચીખલી અને વાંસદાના વિવિધ વિસ્તારોમાં આવેલા વાવાઝોડાથી થયેલા નુકસાનના સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. અસરગ્રસ્ત 20 જેટલા ગામોમાં નાગરિકોને સ્થળાંતર કરવાની સાથે, ઝાડ પડવું, ઘર, ખેતી અને પશુઓને નુકશાની થઇ હતી તેની સરવેની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું કલેક્ટર ક્ષીપા અગ્રેએ જણાવ્યું હતું.

## બાઇટ- ક્ષીપા અગ્રે , કલેક્ટર નવસારી

**અનાજના જથ્થાના સપ્લાયને પણ નુકસાન થયું છે જેમાંથી ખરાબ જથ્થાનો નિકાલ કરવામાં આવશે અને બચેલા જથ્થાને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવશે આ સાથે તેમણે ઉમેર્યું હતું કે નાગરિકોએ દિવાળીના જથ્થા વિશે ચિંતા કરવાની જરૂર નથી.**

---

# STATE RAIN

રાજયભરમાં વરસાદી માહોલ વચ્ચે 232 તાલુકાઓમાં ભારેથી હળવો વરસાદ વરસ્યો છે. આજના મળસ્કે 4 વાગ્યા સુધીના આંકડા મુજબ સૌથી વધુ 7 ઇંચ વરસાદ સુત્રાપાડામાં નોધાયો છે.

અમદાવાદમાં પણ દિવસભર વરસાદી માહોલ સર્જાયો હતો. સવારે સામાન્ય ઝાપટાં બાદ મોડી રાત્રે સમગ્ર અમદાવાદમાં ધોધમાર વરસાદ વરસાવાના અહેવાલ છે.

કપરાડા અને ઉમરગામમાં 5 ઇંચ, અંકલેશ્વર ઉના ધર્મપુર ડેડીયાપાડા વિસાવદરમાં 4 ઇંચ જેટલો વરસાદ ખબક્યો હતો.

કચ્છમાં પણ ગત મોડી રાતથી વરસાદની શરૂઆત થઇ છે. માધ્યમથી ભારે વરસાદની આગાહી વચ્ચે ભુજ ગાંધીધામ સહીતના વિસ્તારમાં પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.

ગત મોડી સાંજે બનાસકાંઠા જિલ્લામાં પણ અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ડીસા ભીલડી કાંકરેજ થરા આ વિસ્તારમાં પવન, ગાજવીજ સાથે ક્યાંક ઝરમર વરસાદ વરસ્યો હતો, વરસાદને લઈને બનાસકાંઠા અને વાવ થરાદ જિલ્લાના ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે.

દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ વચ્ચે ખંભલીયા ભાણવડ અને કલ્યાણપુર પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો છે.

રાજકોટ, ભરૂચ અને બોટાદમાં ભારે પવન સાથે વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા હતા.

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે. દાદરા નગર હવેલીમાં જિલ્લા કલેકટર દ્વારા આજે શાળા કોલેજમા રજા જાહેર કરવામાં આવી છે. આ સાથે લોકોની સલામતી માટે આજે ગરબા પણ બંધ રખાશે.

રાજયભરમાં વરસાદને કારણે ગરબા કાર્યક્રમો અસરગસ્ત થયા છે. ગરબા ગ્રાઉન્ડમાં પાણી ભરાતાં નવરાત્રિની ઉજવણીમાં ખલેલ પડતાં ખેલૈયાઓ નિરાશ થયા હતા.

---

## WEATHER

હવામાન વિભાગ દ્વારા બે દિવસ રાજ્યમાં મેઘમહેરની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ભારે વરસાદ રહેશે. નવરાત્રીના બાકીના નોરતામાં ખેલૈયાઓને ગરબા રમવામાં ભંગ પડી શકે છે.

## બાઇટ- અભિમન્યુ ચૌહાણ, હવામાન વૈજ્ઞાનિક

સૌરાષ્ટ્રમાં અમરેલી, દીવ અને ગીરસોમનાથમાં રેડ અલર્ટ સાથે અત્યંત ભારે વરસાદ રહેશે. જ્યારે રાજકોટ, જૂનાગઢમાં ઓરેન્જ અલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ રહી શકે તેવી શક્યતા છે.

---

# AHD SWACCHATA HI SEVA

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા હિ સેવા અંતર્ગત સફાઇ અભિયાન હાથ ધરાયું હતું. ગઇકાલે શહેરના વિવિધ ધાર્મિક સ્થાનો અને બીઆરટીએસ, એએમટીએસ બસ સ્ટોપ સહિતના જાહેર સ્થળોએ આ સફાઇ અભિયાન હાથ ધરાયું હતું. મનપા, સામાજિક અને સેવા ભાવી સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોના સંયુક્ત ઉપક્રમે આ અભિયાન હાથ ધરાયું હતું. 456 જેટલા માર્ગો, 256 જેટલા માર્કેટ એરિયા, 272 રહેણાંક વિસ્તા અને 273 જેટલા વાણિજિક વિસ્તારોની સફાઇ કરાઇ હતી.

---

# TAPI TRAFIC POLICE REDIUM BELT

તાપી જિલ્લામાં ટ્રાફિક પોલીસ દ્વારા લોક સુરક્ષાની સાથોસાથ અબોલ જીવોની સુરક્ષા માટે રેડિયમ બેલ્ટ લગાવવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ટ્રાફિક પોલીસે જીવદયા પ્રેમીઓને સાથે રાખીને રખડતા ગૌવંશના ગળે રેડિયમ બેલ્ટ બાંધવાની શરૂઆત કરી છે.

આ અભિયાનને કારણે માર્ગ અકસ્માત ઘટશે તેમ તાપીના ટ્રાફિક પોલીસ ઇન્સ્પેક્ટર સલીમ શેખે જણાવ્યું હતું.

## બાઈટ સલીમ શેખ (પીઆઇ, ટ્રાફિક પોલીસ)તાપી

---

# NAVRATRI

શારદીય નવરાત્રીનો પવિત્ર તહેવાર હવે પૂર્ણતા તરફ આગળ વધી રહ્યો છે , આજે  મહાસપ્તમી છે. આ દિવસે મા દુર્ગાના સાતમા સ્વરૂપ કાલરાત્રીની પૂજા કરવામાં આવે છે. હંમેશા શુભ પરિણામ આપતા હોવાના કારણે આ દેવીને શુભંકરી પણ કહેવામાં આવે છે.

મા કાલરાત્રી દુષ્ટોનો નાશ કરવા માટે જાણીતી છે ,. મા કાલરાત્રી મા દુર્ગાનું સાતમું સ્વરૂપ ,  છે. એવું કહેવાય છે કે  ,  નવરાત્રીના સાતમા દિવસે જે પણ મા કાલરાત્રીની આરાધના કરે છે તેમની બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય છે. મા કાલરાત્રીની પૂજા કરવાથી ભય અને રોગોનો નાશ થાય છે.

---

# TALVAR AARTI

રાજપીપલા હરસિદ્ધિ માતાના મંદિરે છઠ્ઠા નોરતે રાજપૂત સમાજના યુવાનો દ્વારા  12મી તલવાર મહાઆરતીનું ભવ્ય આયોજન કરાયું હતું. પાંચ  જિલ્લાના તાલીમ પામેલા 201 યુવાનોએ તલવાર મહાઆરતી કરી હતી.

રાજપૂત યુવાનોએ તલવારબાજીના દિલધડક કરતબો કરી માતાજીની આરાધના  કરી હતી.  300  કિલોથી  વધુ  ફૂલોથી "રામતિલક"  થીમ  ને શણગારી તલવાર  મહાઆરતી કરાઈ હતી. તલવાર  આરતી  જોવા  ભારે ભીડ  જામી હતી  , પોલીસ દ્વારા પુરતાઓ બન્દોબસ્ત ગોઠવાયો હતો.

રાજ્યમાં અનેક સ્થળોએ ભારે વરસાદ વચ્ચે પણ ખેલૈયાઓએ ગરબા કરીને માતાજીની આરાધના કરી હતી.જ્યારે અમદાવાદ સહિત શહેરોમાં ગરબા આયોજકો દ્વારા તૈયાર થયેલા વિશેષ ડોમ હેઠળ ગરબા યોજાયા હતા.

---

# ASIA CUP

ભારતે એશિયા કપની ફાઇનલમાં પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવી શાનદાર વિજય મેળવ્યો.

દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારતે પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવીને નવમો એશિયા કપ જીત્યો , જેમાં તિલક વર્માની રમત નિર્ણાયક સાબિત થઈ.

ભારતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો, જેમાં પાકિસ્તાનના ઓપનર સાહિબજાદા ફરહાન અને ફખર ઝમાનએ નવ ઓવરમાં 84 રનની ભાગીદારી સાથે છેલ્લી ઓવરમાં 146 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

ભારતને જીત માટે 147 રન માટે રમતા, મેચની શરૂઆતમાં જ વિકેટ પડતાં દર્શકો નિરાશ થયા હતા , પરંતુ શુભમન ગિલ અને તિલક વર્માએ બાજી સંભાળી હતી. સંજુ સેમસન અને તિલક વર્માએ 57 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી જેણે ભારતીય આશાઓને ફરીથી જીવંત કરી.

મેચ ખૂબ રસાકસી પૂર્ણ રહી દર્શકો માટે અંતિમ ઓવરમાં , તિલક વર્મા 53 બોલમાં 69 રન બનાવીને અણનમ રહ્યા , છેલ્લી છ ઓવરમાં શાનદાર પ્રદર્શન કરી, બે બોલ બાકી રહેતા ભારતને જીત અપાવી.

**અમદાવાદ સહિત રાજ્યભરમાં અનેક સ્થળો સહિત        દેશભરમાં ભારતની એશિયા કપ જીતની ફટાકડા ફોડી લોકો દ્વારા ઉજવણી કરાઇ.**

---